GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

Make Safety Your Top Priority
Application for KSB Make Fire Fighting Pumps

□ Industries & Factories
□ Commercial & Residential Buildings
□ Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD,
OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ અગિયારસ ગુરુવાર ૧૧ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૯૫

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

# આજ મધરાતથી વિશ્વભરમાં છવાશે ફિફા વર્લ્ડકપ ફિવર

## આજના અંક સાથે સામેલ છે...




■ મેસી વિ. રોનાલ્ડો : ફૂટબોલ વિશ્વની સૌથી મોટી હરીફાઇનો છેલ્લો વર્લ્ડકપ
■ એક યુગનો અંત : ૧૩ દિગ્ગજ કદાચ તેમનો છેલ્લો વર્લ્ડકપ રમશે
■ ફિફા વર્લ્ડકપના કદી ન ભુલાય તેવા વિવાદો અને હાલમાં ગાજેલા વિવાદ અને એવું તો બધુ ઘણું જ..

**ત્રણ દેશોની** સંયુક્ત યજમાનીમાં આજથી શરૂ થનારા ફૂટબોલ મહાકુંભમાં રોમાંચનો સાગર હિલોળા લેશે

**48 ટીમોની** ભાગીદારી અને 104 મેચો સાથે ઉત્તર અમેરિકામાં ફૂટબોલના એક નવા યુગની શરૂઆત થશે

**યજમાન** મેક્સિકો અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રાત્રે 12.30 વાગ્યે પ્રથમ મેચ સાથે વર્લ્ડકપનો પ્રારંભ થશે

**ન્યૂ યોર્ક/મેક્સિકો સિટી, તા. 10 :** અમેરિકા, કેનેડા અને મેક્સિકોની સંયુક્ત યજમાનીમાં યોજાનારો ફિફા વર્લ્ડકપ 2026 આવતીકાલે ગુરુવારે રાત્રે 12.30 વાગ્યાથી મેક્સિકો સિટીમાં યજમાન મેક્સિકો અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની મેચથી શરૂ થશે અને તેની સાથે જ આ રોમાચંક ફૂટબોલ મહાકુંભનો પ્રારંભ થશે. મેચ શરૂ થાય ત્યાં સુધીમાં, ભારતમાં 12 જૂન થઈ ચૂકી હશે.

પહેલીવાર આ વર્લ્ડકપમાં રેકોર્ડબ્રેક 48 ટીમો ભાગ લેશે. પરિણામે, વર્લ્ડકપનો વ્યાપ, સ્પર્ધા અને દુનિયાભરના લોકોનો ઉત્સાહ એક નવી ઊંચાઈએ પહોંચશે. 48 ટીમોને દરેક ગ્રુપમાં ચાર એમ 12 ગ્રુપમાં વહેંચવામાં આવી છે. નવા ફોર્મેટને કારણે ટૂર્નામેન્ટમાં



કુલ મેચોની સંખ્યા 104 થઇ ગઇ છે. જે કતારમા રમાયેલા છેલ્લા વર્લ્ડકપની 64 મેચો કરતાં ઘણી વધારે છે.

મેક્સિકો સિટીના સુપ્રસિદ્ધ 'એસ્ટાડિયો અઝટેકા' સ્ટેડિયમમાં પહેલી મેચ રમાશે જ્યારે તેની ફાઇનલ યોર્ક-ન્યૂજર્સીનું પ્રખ્યાત 'મેટલાઇફ સ્ટેડિયમ'માં રમાશે. આ વર્લ્ડકપની મેચો અમેરિકા, કેનેડા અને મેક્સિકોના 16 આધુનિક શહેરોમાં રમાશે. આમાંથી 11 સ્ટેડિયમ અમેરિકામાં, 3 મેક્સિકોમાં અને 2 કેનેડામાં આવેલા છે. આ વર્લ્ડકપ થ્રો ઇન કાઉન્ટ ડાઉન, ગોલ કિક કાઉન્ટ ડાઉન, સબસ્ટીટ્યૂટ માટેની સમયમર્યાદા સહિતના કેટલાક નવા નિયમો સાથે રમાશે જેના કારણે ખેલાડીઓ જે ખોટો વિલંબ કરે છે તેના પર મહદઅંશે રોક લગાવી શકાશે. 2026નો વર્લ્ડકપ માત્ર મેદાન પર રમાતા ફૂટબોલ પૂરતો મર્યાદિત નથી, તે વિશ્વના સૌથી મોટા આર્થિક અને સાંસ્કૃતિક મેળાવડાઓમાંથી એક બનવા જઈ રહ્યો હોવાનું માનવામાં આવે છે.

### ખેલાડીઓને ડિજિટલ સુરક્ષા મળશે, ઓનલાઈન ટ્રોલિંગ બંધ થશે

ફિફા વર્લ્ડકપ જેવી મોટી ટુર્નામેન્ટ દરમિયાન, ખેલાડીઓ ઘણીવાર સોશિયલ મીડિયા પર ટ્રોલ, દુર્વ્યવહાર અને દ્વેષપૂર્ણ ટિપ્પણીઓનો સામનો કરે છે. જેના માટે ફિફાએ તેની AI-આધારિત સુરક્ષા પ્રણાલીને મજબૂત બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જેથી ભવિષ્યમાં ખેલાડીઓને કોઈપણ પ્રકારની ટ્રોલિંગ અથવા દુર્વ્યવહારનો સામનો ન કરવો પડે. આ નવી ટેક્નોલોજી ખેલાડીઓ અને ટીમોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર આવતા અપમાનજનક દુર્વ્યવહાર અને ટિપ્પણીઓને આપમેળે ઓળખશે અને છુપાવશે, જેથી ખેલાડીઓને ઓનલાઈન ઉત્પીડનથી સુરક્ષિત રાખી શકાય. ખેલાડીઓ અને ટીમોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ આ સિસ્ટમ સાથે જોડાયેલા હશે જેથી AI દરેક આવનારી ટિપ્પણી અને સંદેશ પર નજર રાખી શકે.

## યુએસ ફાઇટર જેટ્સે ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમ ધ્વસ્ત કરી; જવાબી કાર્યવાહીમાં ઈરાને કુવૈત-બહેરીન પર દાગી મિસાઈલો, ક્રૂડ $91 પાર

# US-ઈરાન યુદ્ધવિરામનો ફિયાસ્કો: બેઉ તરફે હુમલા શરૂ

**અપાચે** ક્રેશ બાદ અમેરિકાનો ઈરાન પર પ્રચંડ હુમલો, હુથી બળવાખોરોએ ઇઝરાયલ સાથે સંકળાયેલા જહાજો પર ફરી હુમલા કરવાની ચેતવણી આપી

**દુબઈ, તા. 10 (AP):** અમેરિકાએ ઈરાનને અમેરિકન અપાચે હેલિકોપ્ટર દુર્ઘટના માટે જવાબદાર ઠેરવ્યા બાદ બુધવારે વહેલી સવારે ઈરાનના અનેક વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા હતા. આ કાર્યવાહી બાદ ઈરાને પણ બહેરીન, કુવૈત અને અન્ય વિસ્તારોને નિશાન બનાવી જવાબી હુમલાઓ કર્યા, જેના કારણે મધ્યપૂર્વમાં તણાવ વધુ વકરી ગયો છે. જોર્ડને જણાવ્યું કે તેણે ઈરાન દ્વારા અમેરિકન સૈન્ય મથક તરફ છોડવામાં આવેલી 5 મિસાઈલને હવામાં જ નષ્ટ કરી દીધી હતી. આ હુમલાઓ બાદ પ્રમુખ ટ્રમ્પે ચેતવણી

...અનુસંધાન પાના 4 પર

### પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું ઈરાન પર ફરી મોટા હુમલાનું એલાન

**દુબઈ, તા. 10 (AP):** અમેરિકાએ બુધવારે ઈરાનના અનેક લશ્કરી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા બાદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે. બીજી તરફ ઈરાને બહેરીન, કુવૈત અને જોર્ડન તરફ મિસાઇલ હુમલાઓ કરીને જવાબ આપ્યો હતો, જેના કારણે મધ્યપૂર્વમાં તણાવ વધુ વધી ગયો છે અને યુદ્ધ સમાપ્ત કરવા માટે ચાલી રહેલા પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે. વ્હાઇટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, "આજે અમે ફરી એક વખત ઈરાન પર જોરદાર હુમલો કરીશું." તેમણે ઈરાનને અમેરિકા સાથે સમજૂતી કરવા અપીલ કરતાં કહ્યું કે બંને દેશો કરારની નજીક હતા, પરંતુ તેહરાન સતત વિલંબ કરી રહ્યું છે. ટ્રમ્પે ચેતવણી આપી કે હવે ઈરાને તેની કિંમત ચૂકવવી પડશે. અમેરિકી સૈન્યએ ઈરાનના હવાઈ સંરક્ષણ મથકો, ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશનો અને સર્વેલન્સ રડાર કેન્દ્રોને નિશાન બનાવ્યાનો દાવો

**તેહરાન ડીલમાં વિલંબ કરી રહ્યું છે, હવે પરિણામ ભોગવવું પડશેઃ ટ્રમ્પ**

...અનુસંધાન પાના 11 પર

### ઓમાન કાંઠે તેલ ટેન્કર પર અમેરિકી હુમલો, 3 ભારતીય ખલાસી ગુમ

**નવી દિલ્હી.** ઓમાનના કાંઠા નજીક હોર્મુઝના ખાડી વિસ્તારમાં 'સેટ્ટેબેલો' નામના વ્યાવસાયિક ઓઈલ ટેન્કર પર અમેરિકી સૈન્ય દ્વારા કરાયેલા હુમલા બાદ 24 ભારતીય ખલાસીઓમાંથી 3 ગુમ થયા હોવાનું સામે આવ્યું છે. ઘટનાને ગંભીરતાથી લઈને ભારત સરકારે નવી દિલ્હીમાં અમેરિકી દૂતાવાસના કાર્યકારી રાજદૂત (ચાર્જ દ'અફેર્સ) જેસન મીક્સને તલબ કરી સખત વિરોધ નોંધાવ્યો છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર ટેન્કર પર કુલ 28 ક્રૂ સભ્યો હતા, જેમાં 24 ભારતીયો સામેલ હતા. હુમલા બાદ 21 ભારતીયોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે 3 ભારતીયો હજુ પણ ગુમ છે. ઓમાનમાં ભારતીય દૂતાવાસ સ્થાનિક સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં છે અને શોધખોળ તથા બચાવ કામગીરી પર નજીકથી નજર રાખી રહ્યું છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા મુજબ પાલાઉના ધ્વજ હેઠળ ચાલતું

**ભારતે અમેરિકી રાજદૂતને સમન પાઠવી વિરોધ નોંધાવ્યો, 21 ભારતીયોને બચાવી લેવાયા**

...અનુસંધાન પાના 11 પર

### ઈરાન વાટાઘાટા અંગે પોતાના વલણની ફરી સમીક્ષા કરશે

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બઘાઈએ જણાવ્યું હતું કે તાજેતરના હુમલાઓને ધ્યાનમાં રાખીને યુદ્ધ સમાપ્ત કરવા માટે ચાલી રહેલી વાટાઘાટો અંગે ઈરાન પોતાના વલણની ફરી સમીક્ષા કરશે. ઉલ્લેખનીય છે કે યુદ્ધને કાયમી રીતે સમાપ્ત કરવા માટે ચાલી રહેલી વાટાઘાટો પર પણ આ નવી અથડામણોની નકારાત્મક અસર પડી છે.

### તા. ૧૦-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૫.૪° સે. | ૨૯.૦° સે. | ૬૭% |

## કેબિનેટ બેઠકમાં મંત્રીઓએ ઊભા થઈને આપ્યું સન્માન

# મોદીએ સતત લાંબા શાસનનો નેહરુનો રેકોર્ડ તોડ્યો

**4399** દિવસ સાથે મોદીએ જવાહરલાલ નેહરુના 4,398 દિવસના કાર્યકાળને પાછળ છોડી દીધો

**એનડીએ** અને કેન્દ્રીય મંત્રીમંડળે વ્યક્ત કરી શુભેચ્છા

**ગુજરાત** સહિત દેશના વિવિધ ભાગોમાં પ્રાર્થના અને મંદિરોમાં મહા આરતીનું આયોજન કરાયું, રાષ્ટ્રપતિએ પત્ર લખ્યો



**નવી દિલ્હી, તા. 10 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ભારતના ચૂંટાયેલા વડા પ્રધાન તરીકે સતત સૌથી લાંબો કાર્યકાળ પૂર્ણ કરીને નવો રાજકીય રેકોર્ડ સ્થાપ્યો છે. આ સાથે તેમણે દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુના 4,398 દિવસના કાર્યકાળને પાછળ છોડી દીધો છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રિમંડળ, એનડીએના નેતાઓ તેમજ વિવિધ રાજકીય આગેવાનોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા. દેશના વિવિધ ભાગોમાં પ્રાર્થના, પૂજા-આરતી અને જાહેર કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રિમંડળની બેઠકમાં મોદીની સિદ્ધિને બિરદાવતો સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો અને મંત્રીઓએ ઊભા રહીને તેમનું અભિવાદન કર્યું હતું. ઠરાવમાં વિશ્વાસ વ્યક્ત કરાયો હતો કે મોદીના નેતૃત્વ હેઠળ ભારત આત્મનિર્ભર, સુરક્ષિત અને સમૃદ્ધ રાષ્ટ્ર તરીકે નવી ઊંચાઈઓ સર કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વડા પ્રધાનને વ્યક્તિગત પત્ર લખીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું હતું કે મોદીના નેતૃત્વમાં દેશે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પરિવર્તનો જોયા છે. પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર સહિતના અનેક નેતાઓએ પણ મોદીની સિદ્ધિને ઐતિહાસિક ગણાવી હતી. વિદેશી નેતાઓએ પણ મોદીને શુભેચ્છા પાઠવી હતી. NDAના નેતાઓએ

...અનુસંધાન પાના 11 પર

